મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૮૪ ટકા
ગાંધીનગર તાપમાન

ગાંધીનગર મહાનગર અનુસૂચિતજનજાતિ મોરચાના અધ્યક્ષ જયદેવભાઈ પરમારની આગેવાનીમાં વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ભગવાન શ્રી બીરસમુંડાજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી, જેમાં મોરચાના ઉપપ્રમુખ હર્ષિલભાઈ ડામોર તથા પ્રદેશ યુવા મોરચાના સદસ્ય પ્રશાંતભાઈ ગોસ્વામી અને મોટી સંખ્યામાં કાર્યકર્તા ઉપસ્થિત રહી વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરી.

htat મુખ્ય શિક્ષકોની જનરલ સભા છાલા હાઈસ્કૂલ ખાતે યોજાઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં ફરજ બજાવતા HTAT મુખ્ય શિક્ષકોની જનરલ સભા શેઠ કે.એમ.શાહ સર્વોદય હાઈસ્કૂલ માં યોજાઈ ગઈ.આ પ્રસંગે ગુજરાત રાજ્ય HTAT મુખ્ય શિક્ષક સંઘ (સૂચિત)ના સંગઠન મંત્રી વિશાલભાઈ, ભરતભાઈ ચૌધરી છાલા કેળવણી મંડળના પ્રમુખ ચેલાભાઈ પટેલ, મંત્રી જશુભાઈ ચૌધરી,આચાર્ય એન.પી.પટેલ, વ્યાયામ શિક્ષક દિપકભાઈ શુક્લા સર્વે મહાનુભાવો હાજર રહ્યા હતા. આ તબક્કે શાળાના બાળકનો સર્વાંગી વિકાસ અને શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તમ કારકિર્દી ઘડાય તેનું ચિંતન કરવામાં આવ્યું. સાથે સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત HTAT મુખ્ય શિક્ષકોની હાજરીમાં નવીન કારોબારીની સર્વાનુમતે રચના કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ તરીકે આદર્શ કન્યા શાળાના મુ.શિ. ડો.સુરેશ ભારતી.બી ગોસ્વામી, ઉપપ્રમુખ તરીકે પ્રજ્ઞેશભાઈ ત્રિવેદી મુ.શિ.હરખજીના મુવાડા, મહામંત્રી કેતનભાઈ પરમાર - મુ.શિ.ગોલથરા, સહમંત્રી મેહુલભાઈ સુથાર મુ.શિ. બોરૂ અને મહિલા ઉપપ્રમુખ તરીકે જાગૃતિબેન વૈદ્ય- મુ.શિ.વીરાતલાવડી સર્વે હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મેહુલભાઈ સુથારે કર્યું હતું. કાર્યક્રમના અંતમાં પ્રમુખે સૌને શુભેચ્છા પાઠવી હતી.

"મેરી મિટ્ટી મેરા દેશ અંતર્ગત રૂટ માર્ચ"

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર હોમગાર્ડઝ યુનિટ દ્વારા મેરી મિટ્ટી મેરા દેશ અંતર્ગત ગાંધીનગર જિલ્લા હોમગાર્ડ કચેરી ખાતેથી ગાંધીનગર શહેરના ૪૦૦ હોમગાર્ડઝ જવાનોની એક રૂટ માર્ચનું આયોજન કરવામાં આવેલ હતું. સદર કાર્યક્રમમાં જિલ્લા કમાન્ડન્ટ શ્રી વિષ્ણુભાઈ પ્રજાપતિ દ્વારા સદર રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન જીલ્લાના સેકન્ડ ઈન કમાન્ડ શ્રી સી એમ પરમાર તથા અન્ય અધિકારીઓ, એન.સી.ઓઝ. હાજર રહ્યા હતા. સદર કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં હોમગાર્ડઝ ભાઈઓ / બહેનોએ ખૂબજ ઉત્સાહ પૂર્વક શિસ્તબદ્ધ રીતે સદર કાર્યક્રમમાં ભાગ લીધેલ હતો. સદર કાર્યક્રમનું આયોજન ગાંધીનગર શહેર યુનિટના શ્રી સી એમ પરમાર, સેકન્ડ ઈન કમાન્ડ દ્વારા કરવામાં આવેલ હતું.

એનએસએસ ઓરિએન્ટેશનનું પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૯

સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજ દ્વારા સેમેસ્ટર ૧ ના વિદ્યાર્થીઓ માટે એનએસએસ ઓરિએન્ટેશનનું પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે યુથ કનેક્ટ ફાઉન્ડેશનના સ્થાપક અને ઈએસઆઈ સુઘડના પ્રોજેક્ટ મેનેજર શ્રી વિનયભાઈ ત્રિવેદી હાજર રહ્યા હતા. કાર્યક્રમનો ઉદ્દેશ કોલેજ ખાતે પ્રવેશ મેળવેલ નવા વિદ્યાર્થીઓને એનએસએસની ચાલુ વર્ષની પ્રવૃત્તિઓને તેના કાર્યથી પરિચય કરાવવાનો હતો. આજનું આ ઓરિએન્ટેશન પ્રોગ્રામ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ પ્રેરક પ્રેરણાદાયક અને ભાવનાત્મક રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમ આદરણીય રાજી ડેનિસના માર્ગદર્શન હેઠળ યોજાયેલ હતો.

સરકારી વિજ્ઞાન કોલેજમાં N-List Orientation વીકનુ આયોજન

ગાંધીનગર, તા.૮

સરકારશ્રી તરફથી N-LIST(National Library and Information Services Infrastructure for Scholarly Content) નો એકસેસ કોલેજને આપવામા આવે છે તે હેતુ થી N-List Orientation વીકનુ આયોજન લાયબ્રેરી,સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે કરવામા આવ્યુ હતુ

ભાજપ સંગઠનની કવાયતઃ મતદારયાદી સુધારણા કાર્યક્રમના અનુસંધાને બૂથના પદાધિકારીઓ સાથે બેઠક યોજાઈ

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, મતદાર યાદી સુધારણા અંતર્ગત તા.૮ ઓગસ્ટના રોજ શહેર ભાજપના અધ્યક્ષ ઋચિર ભટ્ટ, ધારાસભ્ય રીટાબેન પટેલ, અલ્પેશભાઈ ઠાકોરની ઉપસ્થિતિમાં વોર્ડ નંબર.૪, ૮, ૯, ૧૦ અને ૧૧ના સંગઠન અને ચુંટાયેલ પાંખની અગત્યની બેઠક કુડાસણ ખાતે યોજાઈ હતી જેમાં વોર્ડ સંગઠનના પદાધિકારીઓ, કોર્પોરેટરો, શક્તિ કેન્દ્રના સંયોજક અને પ્રભારી, બીએલઓ ૨, બુથ પ્રમુખોને વિવિધ મુદ્દે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ચિલોડા પ્રાથમિક શાળામાં સન્માન ભવ્ય અનોખો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૯

ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા ચિલોડા પ્રાથમિક શાળામાં મેરી માટી, મેરા દેશ કાર્યક્રમની ઉજવણી થકી શહીદ વીર વીરાંગનાઓને યાદ તથા સન્માનિત કરવામાં આવ્યા. મહેમાનોના હસ્તે દીપપ્રાગટ્ય કરાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. વીરો કા વંદન અંતર્ગત ગામના શહીદ સબ ઈન્સ્પેકટર સંતોષકુમાર ચૌરસિયા ને યાદ કરી શ્રદ્ધાંજલિના ભાગ રૂપે તેઓશ્રીના ધર્મપત્ની કાંતીદેવીનું ભારત માતાની પ્રતિમા, સાલ અને પુષ્પ ગુચ્છથી ગામના સરપંચશ્રી શ્વેતલબેન જૈમિનકુમાર પટેલ દ્વારા સન્માન કરવામાં આવ્યું. કાંતીદેવીના હસ્તે શીલાફલકમ નું સમર્પણ કરવામાં આવ્યું. તેઓશ્રીના હસ્તે ધ્વજ વંદન અને વસુધા વંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે ઋશિકેષભાઈ (ખેલ મંત્રાલય), પ્રવીણભાઈ બરેડા (જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ કોર્ટ), પટેલ જીજ્ઞાબેન (તાલુકા લાયઝન અધિકારી), ડૉ. ગૌતમભાઈ નાયક (જીલ્લા લાયઝન અધિકારી,), ડૉ.રાજીવ ભાઈ દરજી (મેડીકલ ઓફિસર પ્રાંતિયા), અંજનાબેન પટેલ (પૂર્વ તાલકા સદસ્ય), બીરેનભાઈ પટેલ, ગામના સરપંચશ્રી શ્વેતલબેન જૈમિનકુમાર પટેલ, ઉપસરપંચશ્રી, તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયતના સદસ્યો, રમણભાઈ પટેલ (સેવા સહકારી મંડળીના ચેરમેનશ્રી), નીરૂબેન ઠાકોર (એસએમસીના અધ્યક્ષ ચિલોડા પ્રા.શાળા), ગ્રામ આગેવાનો, ગામની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો તથા પદાધિકારીઓ, શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆતમાં મિટ્ટી યાત્રામાં વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત સૌ લોકો જોડાયા. ગામના સરપંચશ્રી શ્વેતલબેન જૈમિનકુમાર પટેલ દ્વારા ઉપસ્થિત સર્વે ગ્રામજનોના હાથમાં દીવડા અને માટી રાખી પંચપ્રાણ પ્રતિજ્ઞા લેવડાવામાં આવી. ગામના રાજકીય આગેવાન શ્રી જૈમિનભાઈ પટેલ દ્વારા કાર્યક્રમના અંતે ઉપસ્થિત સર્વે ગ્રામજનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

મોન્ટે કાલો શિક્ષણ સંકુલ મગોડીમાં ઉજવણી કાર્યક્રમ

મોન્ટે કાર્લો શિક્ષણ સંકુલ મગોડીમાં "મેરી મિટ્ટી મેરા દેશ "કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. મગોડી સ્થિત મોન્ટેકાલો શિક્ષણ સંકુલમાં આઝાદીના અમૃત મહોત્સવના ઉતાર્ધ કાર્યક્રમ અંતર્ગત "મેરી મિટ્ટી મેરા દેશ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં માતૃભૂમિની રક્ષા કરનાર ભારતના વીર સૈનિકોનું બુકે આપી સન્માન કરવામાં આવ્યું કાર્યક્રમના અંતે આર્મી જવાનો દ્વારા વૃક્ષારોપણ નો કાર્યક્રમ કરવામાં આવ્યો .આ કાર્યક્રમમાં મગોડી ગામના સરપંચશ્રી મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ શાળા પરિવારે હાજરી આપી હતી.

શાહપુર પ્રાથમિક શાળા ખાતે મેરી મિટ્ટી મેરા દેશ કાર્યક્રમ યોજાયો

આદર્શ પ્રાથમિક શાળા શાહપુર ખાતે "મેરી મિટ્ટી મેરા દેશ" કાર્યક્રમ અંતર્ગત શાળામાં બાળકો દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત ગામના સરપંચ શ્રી અર્પિતભાઈ પટેલ, તલાટી શ્રી યોગેશભાઈ પટેલ, શાળાના આચાર્ય શ્રી અશ્વિનભાઈ પ્રજાપતિ તથા અન્ય આગેવાનો દ્વારા માનનીય પ્રધાનમંત્રી શ્રી દ્વારા આપેલ પંચ પ્રણ શપથ દ્વારા લેવામાં આવ્યા. શહીદોની યાદ માટે બનાવેલ શીલા ફલકમ ની સામે પુષ્પાંજલિ કરવામાં આવી. ગામની માટીને કળશમાં એકત્ર કરી દરેક મહેમાનો દ્વારા કળશ યાત્રા કરવામાં આવી. રાષ્ટ્રગાન અને ધ્વજવંદન બાદ સૌ છૂટા પડ્યા.

જન્મદિને વધામણી

આરતીબેન ભટ્ટ
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ

ભરત દેસાઈ
કેમ્પસ મેનેજર, ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી
મો. ૯૯૦૯૭ ૭૮૫૫૮

ખ્યાતિ યમરાજ પંડ્યા
મો. ૯૪૨૭૦ ૪૪૮૭૬

રસિકભાઈ જે ગાંધી
મો. ૯૪૨૬૫ ૬૯૪૭૫

દિનાબેન ભટ્ટ
લાયોનેસ ક્લબ

બિપીનભાઈ કે ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨

દિશાબેન જણસારી
લાયોનેસ ક્લબ

જય પટેલ

સોલંકી ફાલ્ગુનીબેન ડી

હર્શિવ નયન રત્નાકર

ચૌહાણ શ્વેતા શાંતિલાલ
મો. ૬૩૫૨૩૯૬૩૫૯



હીર પંકજકુમાર આગજા

પારૂલબેન એન. ત્રિવેદી

યશરાજ ધર્મેન્દ્ર કાપડિયા
મો. ૯૪૨૭૦ ૦૬૩૫૭

ક્રિષ્ણા વિમર્શ જોષી
મો. ૮૭૮૦૮ ૪૦૫૫૪

ચેખલા રાણી પ્રાથમિક શાળા અને ગ્રામ પંચાયત દ્વારા તા ૯મી ઓગષ્ટ ના રોજ મેરી માટી મેરા દેશ અંતર્ગત દેશની ભૂમિ ની રક્ષા કરનાર વીર જવાનો ને યાદ કરી સન્માન સાથે શાળાબાળકોએ હાથમાં ત્રિરંગો લહેરાવી ગામમાં ગામ આગેવાનો તથા સરપંચ સહિત ભવ્ય અનોખી રેલી યોજી હતી